# કાલાવડના મહે. શ્રી જયુ. મેજી. (ફ. ક.) સાહબેની કોર્ટમાં, મું. કાલાવડ

**<u>ફોજદારી કેસ નં. ૧૫૩૨/૨૦૨૨</u>**
**આંક :– ૦૪**

**ફરીયાદી** :– શ્રી સરકાર

**<u>વિરૂધ્ધ</u>**

**આરોપી** :– સંજયભાઈ સુખાભાઈ ખોટ
રહે. કાલાવડ, જી. જામનગર

**ગુનો** :– ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬(૧)બી મુજબ

**<u>–: ચુ કા દો :–</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ – ૬૬(૧)(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન દ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા તેમાંથી એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ ચોકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં મળી આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિળ ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં દારૂ પી લીધેલ. અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે મારામારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય, ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર કોર્ટમાં આવવાની જરૂર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકીકતો ધ્યાને લઈ, આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાંણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્ધેશથી નમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) તમામ રેકર્ડ ઉપની હકીકતો લક્ષમાં લેતા વગર પાસ પરમીટે દારૂ પી છાટકો બની લથડીયા ખાતો હોવા અંગેનો આક્ષેપ માત્ર છે. આ ગુનાની ટ્રાયલ માટે હાલના અમો સરકારી અમલદાર ફરીયાદ, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને કલમ ૬૬(૧)(બી) મુજબની સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનુ પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં.

આરોપીનો સમય, ફરીયાદ પોલીસ સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ ''ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧)જી.એલ.આર. ૭૦૯'', ચુકાદામાં નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

ક્રિ. પ્રો. કોડની કલમ- ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ-૧૨ માહે નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્પેશ્યલ સીટીંગ
કાલાવડ.
તા. ૧૨/૧૧/ ૨૦૨૨

**(આર.કે.તંવર)**
**જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ.**
**કાલાવડ.**
**કોડ નંબર : જીજે૦૧૩૩૫**

દંડ રજી. નં...............પો.બુક નં..............
થી રૂા.૧૦૦/- અંકે રૂપીયા એકસો પુરા જમા લીધા.
તા.૧૨/૧૧/૨૦૨૨

નાઝીર